<u>વેચાણ દસ્તાવેજ</u>

રજીસ્ટ્રેશન ડ્રીસ્ટ્રીકટ અમદાવાદના, સબ-ડ્રીસ્ટ્રીકટ અમદાવાદ-ર (વાડજ), તાલુકા– સાબરમતી, મોજે- ચાંદખેડાની ગામતળની સીમના બ્લોક નં. ૬૯૫ની ૪ર૯.૭૬ સમચોરસ મીટર બિનખેતીની જમીનમાં કરવામાં આવેલ બાંધકામ જે " **રત્નેશ એલીગન્સ** *" કરીકે ઓળખાય છે તેમાં આવેલ ______ માળનો ફલેટ નંબર.______ જે ભરતમાં આશરે______સમચોરસ મીટર કારપેટ એરીયા યાને ______સમચોરસ મીટર સુપર બિલ્ટ અપ બાંધકામવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂપીયા ______(અંકે રૂપીયા ________લાખ) પૂરાનો.*

<u>એક તરફવાળા</u> :- **રતનેશ ડેવલોપર્સ ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર**
(લખી આપનાર) **PAN NO :- AAUFR 2633L**

શ્રી ભરતભાઈ વીસાભાઈ પટેલ ઉં.વ. પુખ્ત વયના,ધર્મે તથા જાતે હિન્દુ,ઓફિસ : પ્લોટ નંબર ૬૯૫, સકલ-૫૯ ફલેટની બાજુમાં, ઓરેન્જ મોલની પાછળ, ચાંદખેડા, અમદાવાદના

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એક તરફવાળા યાને લખી આપનાર એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં લખી આપનાર તથા લખી આપનારના ભાગીદારો તથા તેના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ ઈત્યાદિ તમામનો સમાવેશ થાય છે.

<u>બીજી તરફવાળા</u> :- ૧)
(લખાવી લેનાર) PAN :-

ઉં.વ. પુખ્ત વયના, ધર્મે તથા જાતે હિન્દુ, રહેવાસી : અમદાવાદના.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજી તરફવાળા યાને લખાવી લેનાર એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં લખાવી લેનાર તથા લખાવી લેનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ ઈત્યાદિ તમામનો સમાવેશ થાય છે.

જત રજીસ્ટ્રેશન ડ્રીસ્ટ્રીકટ અમદાવાદના, સબ-ડ્રીસ્ટ્રીકટ અમદાવાદ-૨ (વાડજ), તાલુકા– સાબરમતી, મોજે- ચાંદખેડાની ગામતળની સીમના બ્લોક નં. ૬૯૫ની બિનખેતીની જમીન આશરે ૪૨૯.૭૬ સમચોરસ મીટર યાને ૫૧૪ સમચોરસ વાર જમીન (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સદરહું જમીન એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે) તે સદરહું જમીનની સ્વતંત્ર માલીકી તથા પ્રત્યક્ષ કબ્જો ભોગવટો અમો એક

તરફવાળા ધરાવીએ છીએ અને અમો લખી આપનારે સદરહું જમીન પર જુદા જુદા રહેણાંકના મકાનો તથા દુકાનો બાંધેલ છે. જે **"રત્નેશ એલીગન્સ"** તરીકે ઓળખાય છે. (તે **"રત્નેશ એલીગન્સ"** ની તમામ ફલેટોની તથા દુકાનો તથા ઓફીસોની માલિકી તથા પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો લખી આપનારની છે.) તે **"રત્નેશ એલીગન્સ"** નો _____ **માળનો** (પ્લાન મુજબ ____ **માળ**) ફલેટ નંબર.___ જે ભરતમાં આશરે_______ સમચોરસ મીટર કારપેટ એરીયા યાને ______ સમચોરસ મીટર યાને સમચોરસ વાર સુપર બિલ્ટઅપ બાંધકામનો છે જેની ચતુઁસીમા આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે તથા સદર ચાંદખેડાની ગામતળની સીમના બ્લોક નં. ૬૯૫ની બિનખેતીની જમીન આશરે ૪૨૯.૭૬ સમચોરસ મીટર પૈકી બાંધકામના પ્રમાણમાં વણવહેંચાયેલ _______ સમચોરસ મીટર જમીનના હકક સહિતની મિલકત (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સદરહું મિલકત એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે). તે સદરહું મિલકતની સ્વતંત્ર માલિકી તથા પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો લખી આપનાર ધરાવીએ છીએ.

સૌ પ્રથમ મોજે ગામ ચાંદખેડાની ગામતળની સીમના બ્લોક નં. ૬૯૫ ની ભરતમાં આશરે ૮૫૯ સમચોરસ મીટર યાને ૧૦૨૮ સમચોરસ વાર ઘરથાળની છુટી ખુલ્લી જમીન સૌપ્રથમ જમીનના આકારણી પત્રકમાં શ્રી અલીભાઈ નાથાભાઈ તથા શ્રી શનાભાઈ નાથાભાઈ તથા સ્વ. શ્રી ડાહયાભાઈ નાથાભાઈ તથા ડોસાભાઈ નાથાભાઈ ઉર્ફે ધનજીભાઈ દેવીદાસ ની માલીકી ધોરણે ચાલતી હતી તે પૈકીની ભરતમાં આશરે ૨૧૪.૮૮ સમચોરસ મીટર યાને ૨૫૭ સમચોરસ વાર ઘરથાળની છુટી ખુલ્લી વણ વહેંચાયેલ ગામતળની જમીન૧) ધનજીભાઈ દેવીદાસ ઉર્ફે ડોસાભાઈ નાથાભાઈ વાઘેશ્વરી ૨) મંગાભાઈ ડોસાભાઈ વાઘેશ્વરી પોતે જાતે તથા સીતાબેન તથા લક્ષ્મીબેન ના કુલ મુખ્યાર ૩) પ્રહલાદભાઈ ડોસાભાઈ વાઘેશ્વરી ૪) દશરથભાઈ ડોસાભાઈ વાઘેશ્વરી ૫) કમુબેન તે દેવીદાસ ઉર્ફે ડોસાભાઈ નાથાભાઈ ની દિકરી ૬)ગજરાબેન તે દેવીદાસ ઉર્ફે ડોસાભાઈ નાથાભાઈ ની દિકરીએ અમો લખી આપનારની તરફેણમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રર્ડ કરી આપેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ જુનો નોંધણી નંબર ૧૮૦૮ તારીખ : ૧૯-૦૪-૧૯૯૧ (નવો નોંધણી નંબર ૪૮૨૩ તારીખ : ૧૮-૦૩-૨૦૦૮) ના રોજ ગાંધીનગરના મહેરબાન સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં નોંધાવેલ છે. તથા તે પૈકીની

ભરતમાં આશરે ૨૧૪.૮૮ સમચોરસ મીટર યાને ૨૫૭ સમચોરસ વાર ઘરથાળની છુટી ખુલ્લી વણ વહેંચાયેલ ગામતળની જમીન સ્વ. ડાહયાભાઈ નાથાભાઈ વાઘેશ્વરીના કાયદેસરના વારસદારો તરીકે ૧) જીવીબેન તે ડાહયાભાઈ નાથાભાઈ વાઘેશ્વરીની દીકરી અને દલસુખભાઈ બાબુભાઈ દંતાણીની પત્ની ૨)અમૃતાબેન ઉર્ફે અમૃતીબેન તે ડાહયાભાઈ નાથાભાઈ વાઘેશ્વરીની દીકરી અને જયંતીલાલ વનમાળીદાસ દંતાણીની પત્ની ૩) આરબબેન ઉર્ફે કલીબેન તે ડાહયાભાઈ નાથાભાઈ વાઘેશ્વરીની દીકરી અને બચુભાઈ માધાભાઈ દંતાણીની પત્નીના સીધીલીટીના કાયદેસરના વારસદારો ૩૧) વિજયભાઈ બચુભાઈ દંતાણી ૩૨) ભારતીબેન તે બચુભાઈ માધાભાઈ દંતાણીની દીકરી અને વસંતભાઈ દંતાણીની પત્ની ૩૩) નીતાબેન તે બચુભાઈ માધાભાઈ દંતાણીની દીકરી અને નરેશભાઈ દંતાણીની પત્ની ૩૪) જગદીશભાઈ બચુભાઈ દંતાણી ૪) સ્વ. લીલાબેન તે ડાહયાભાઈ નાથાભાઈ વાઘેશ્વરીની દીકરી અને નરીમલભાઈ દંતાણીની પત્નીના સીધીલીટીના કાયદેસરના વારસદારો ૪૧) ગૌતમભાઈ નરીમલભાઈ દંતાણી ૪૨) શૈલેષભાઈ નરીમલભાઈ દંતાણી ૪૩) સુર્યકુમાર સાધુભાઈ ઉર્ફે સુરેશભાઈ નરીમલભાઈ વાઘેશ્વરીએ શ્રી રામાભાઈ કેવળદાસ મિસ્ત્રીની તરફેણમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રર્ડ કરી આપેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ નોંધણી નંબર ૩૩૮૩ તારીખ : ૨૩-૦૪-૨૦૧૪ ના રોજ વાડજના મહેરબાન સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં નોંધાવેલ છે. જેની નોંધ ગામના નમુનામાં કરવામાં આવેલ છે. ત્યારબાદ શ્રી રામાભાઈ કેવળદાસ મિસ્ત્રીએ અમો લખી આપનાર ની તરફેણમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રર્ડ કરી આપેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ નોંધણી નંબર.૧૦૫૧૮ તારીખ : ૦૬/૦૮/૨૦૧૬ ના રોજ વાડજના મહેરબાન સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં નોંધાવેલ છે. તે રીતે મોજે ગામ ચાંદખેડાની ગામતળની સીમના બ્લોક નં. ૬૯૫ ની ભરતમાં આશરે ૮૫૯ સમચોરસ મીટર યાને ૧૦૨૮ સમચોરસ વાર ઘરથાળની છુટી ખુલ્લી જમીન તે પૈકી અડધા ભાગની કુલ્લે ભરતમાં આશરે ૪૨૯.૭૬ સમચોરસ મીટર યાને ૫૧૪ સમચોરસ વાર ઘરથાળની છુટી ખુલ્લી વણ વહેંચાયેલ ગામતળની જમીનઆ રીતે અમો લખી આપનાર સદરહુ મિલકતના સ્વતંત્ર માલીક તથા કબજેદાર બનેલા છીએ

ત્યારબાદ મોજે ગામ ચાંદખેડાની ગામતળની સીમના બ્લોક નં. ૬૯૫ ની જમીન પર અમો લખી આપનારે **"રત્નેશ એલીગન્સ"** નામની રહેણાંકની (ફલેટોની તથા દુકાનોની તથા ઓફીસોની) સ્કીમ મુકવાનું નકકી કરેલ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બાંધકામના પ્લાન રજુ કરવામાં આવેલ જે અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હુકમ નંબર.BLNWI/WZ/260916/GDR/A7230/R0/M1 તારીખ.૨૦-૦૨-૨૦૧૭ થી બાંધકામના પ્લાન મંજુર કરવામાં આવેલ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાંધકામની રજાચિઠ્ઠી નંબર.7990/260916/A7230/R0/M1 થી અમો લખી આપનારાએ બીલ્ડીંગનું બાંધકામ કરેલ અને તે તમામ ફલેટો તથા દુકાનો તથા ઓફીસોની સ્વતંત્ર માલીકી તથા પ્રત્યક્ષ કબ્જો ભોગવટો અમો એકતરફવાળા ધરાવીએ છીએ અને અમો લખી આપનાર તમામ ફલેટો તથા દુકાનો તથા ઓફીસો કોઈપણ વ્યકિતને વેચાણ આપવા હકકદાર છીએ.

સદરહું મિલકતમાં અમો એક તરફવાળા સિવાય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ કે હક્ક,હિસ્સો નથી, કે કોઈનો ખોરાકી પોષાકીનો કોઈ હક્ક પોષાતો નથી કે સદરહું મિલકત કોઈ સરકારી કે અર્ધસરકારી જમી કે અવલ જમીમાં આવેલ નથી કે સદરહું મિલકત વેચવી વેચાવવી નહિં કે તેવો કોઈ મનાઈ હુકમ કોઈ કોર્ટમાંથી નીકળેલ નથી કે બજેલ નથી કે, સદરહું મિલકત વેચવી વેચાવવી નહિં કે તેવી નોટિસ અમો એક તરફવાળાને બજેલ નથી કે કોઈ એક્વીઝીશન કે રેક્વીઝીશનમાં આવેલ નથી, કે તે બાબતમાં કોઈ પ્રોસીડીંગ્ઝ ચાલતા નથી, તેમજ સદરહું મિલકત પર અમો એક તરફવાળાએ કોઈ સોલવન્સી સર્ટીફિકેટ મેળવેલ નથી. કે સદરહું મિલકત તમો બીજી તરફવાળા સિવાય અન્ય કોઈને વેચાણ કરવા બાબત કરાર કે બાનાચિઠ્ઠિ જેવા કોઈ લખાણ અન્ય કોઈને કરીને આપેલ નથી એટલે કે સદરહું મિલકતના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, મારકેટેબલ અને સેલેબલ છે. તેવો પાકો વિશ્વાસ અને ખાતરી આપીને સદરહું મિલકત તથા સદરહું જમીનમાં વગર વહેંચાયેલ ______સમચોરસ મીટર જમીન અમો લખી આપનારે તમો લખાવી લેનારને **રૂપીયા**___(અંકે રૂપીયા ______લાખ પૂરા) માં કુલ અભરામના દાવે અઘાટ વેચાણ આપેલ છે. **રૂપીયા** __(અંકે રૂપીયા ____લાખ પૂરા) આ સાથેના પેમેન્ટ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ તમો બીજી તરફવાળાએ અમો એક

તરફવાળાને ચુકવી આપેલ છે. જે અમો એક તરફવાળાને મળી ગયેલ છે તેવું એક તરફવાળા કબુલીએ છીએ.

સદરહું મિલકત **રત્નેશ એલીગન્સ** *માં આવેલ છે.* **રત્નેશ એલીગન્સ** *ના મેઈન્ટેનન્સ અંગે જે સર્વીસ સોસાયટી બનાવવામાં આવશે તે સર્વીસ સોસાયટીમાં લખાવી લેનારે મેમ્બર બનવું ફરજીયાત છે* **"રત્નેશ એલીગન્સ"** *ના કોમન સવલતોનો જે કાંઈ ખર્ચ થાય તે તમામ ખર્ચાઓમાં આવતો વરાડે પડતો હિસ્સો તમો લખાવી લેનારે આપવો ફરજીયાત છે જો મેઈન્ટેનન્સ ખર્ચ નિયમિત ચુકવવામાં તમો લખાવી લેનારે ચુક કરશે કે વિલંબ કરશે, તો તમામ કોમન સુવિધાઓ જેવી કે પાણી, લીફટ, પાર્કીંગ વિગેરે વાપરવાનો હકક તમો લખાવી લેનારને રહેશે નહીં અને* **"રત્નેશ એલીગન્સ"** *ના મેઈન્ટેનન્સ અંગે બનાવેલ સર્વીસ સોસાયટીના નીતિનિયમોનું તમો બીજી તરફવાળાએ પાલન કરવાનું રહેશે તથા સદરહું મિલકત તમો બીજી તરફવાળા અન્ય કોઈ પણ વ્યકિતને વેચાણ કે ટ્રાન્સફર કરતાં પહેલાં સર્વીસ સોસાયટીનું નો ઓબ્જેકશન સર્ટીફીકેટ લેવું ફરજીયાત છે.*

સદરહું મિલકતના આજ તારીખ સુધીના તમામ વેરા, લાગા, ધારા, જમીન મહેસૂલ અમો એક તરફવાળાએ ભરવાના છે અને રહેશે, અને આજ તારીખ પછી આવા તમામ વેરા, લાગા, ધારા, જમીન મહેસૂલ તથા સર્વીસ સોસાયટીના મેઈન્ટેનન્સના પૈસા વગેરે તમો બીજી તરફવાળાએ ભોગવવાના છે અને રહેશે.

સદરહું મિલકત **"રત્નેશ એલીગન્સ"** *માં આવેલ છે અને* **"રત્નેશ એલીગન્સ"** *માં જે પાર્કીંગ અમો એક તરફવાળા દ્વારા બનાાવવામાં આવેલ છે. તે પૈકી કોઈ પાર્કીંગ અમો એક તરફવાળાએ તમો બીજી તરફવાળાને એલોટ કરવામાં આવેલ નથી અને* **રત્નેશ એલીગન્સ** *માં બનાવવામાં આવેલ તમામ પાર્કીંગ કોમન પાર્કીંગ છે અને* **રત્નેશ એલીગન્સ** *ના કોઈ પણ વ્યકિત જે* **"રત્નેશ એલીગન્સ"** *નો ફલેટ ધારક છે તે કોમન પાર્કીંગમાં વાહનો પાર્ક કરવા હકકદાર છે અને કોમન પાર્કીંગમાં વહેલા તે પહેલાના ધોરણે પાર્કીંગ કરવા હકકદાર છે. તેમજ* **"રત્નેશ એલીગન્સ"** *ની સ્કીમમાં આગળના ભાગમાં દુકાનો બાંધવામાં આવેલ છે અને દુકાનોની આગળ પાર્કીંગની ખુલ્લી જગ્યા આવેલ છે તે પાર્કીંગની ખુલ્લી જગ્યામાં દુકાન ધારકો તેમજ તેમના ગ્રાહકો પાર્કીંગ કરવા હકકદાર છે*

અને કોઈ પણ સંજોગોમાં **"રત્નેશ એલીગન્સ"***ના ફલેટના માલિકોધારકો દુકાનની આગળની ખુલ્લી જગ્યામાં પોતાના વાહનો પાર્ક કરવા હકકદાર નથી.*

અમો લખી આપનારે તમો લખાવી લેનારને સ્પષ્ટ કહેલ છે કે **રતનેશ ડેવલોપર્સે** *એ યુ.જી.વી. કંપની લીમીટેડ પાસેથી ઈલેકટ્રીક કનેકશન મેળવવા માટે* **રતનેશ ડેવલોપર્સે** *યુ.જી.વી. કંપની લીમીટેડને બાંહેધરી આપેલ છે તેમજ કબૂલાત કરેલ છે.* **રતનેશ ડેવલોપર્સે** *કરેલ ડેકલેરેશન તથા યુ.જી.વી.કંપની લીમીટેડને આપેલ બાંહેધરીનું પાલન કરવાને આધીન અમો લખી આપનારે તમો લખાવી લેનારની તરફેણમાં સદરહું મિલકતનો આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે.*

"રત્નેશ એલીગન્સ"*ની સ્કીમનું જે એલીવેશન કરવામાં આવેલ છે તે એલીવેશનમાં તમો લખાવી લેનાર કોઈ પણ જાતનો ફેરફાર કરવા હકકદાર નથી તેમજ* **"રત્નેશ એલીગન્સ"***ની આઉટર સરફેસનો જે પણ કલર છે તે કલરમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવા તમો લખાવી લેનાર હકકદાર નથી. તેમજ તમો લખાવી લેનારે કબૂલેલ છે કે સદરહું મિલકતનો ઉપયોગ તમો લખાવી લેનાર ફલેટ ધારકોને ન્યુસન્સ વેલ્યુ ન થાય તે રીતે કરવાનો રહેશે તેવી બાંહેધરી આપેલ છે.*

સદરહું મિલકતનો પરોક્ષ કબ્જો અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજ રોજ સોંપેલ છે. અને આજ તારીખથી સદરહું મિલકતના તમો લખાવી લેનાર કુલ સ્વતંત્ર માલિક થયા છો અને સદરહું મિલકતનો પ્રત્યક્ષ કબજો સદરહું મિલકતની બી.યુ. પરમિશન મેળવ્યા બાદ તમો લખાવી લેનારને સોંપવાનો છે.

સદરહું મિલકત તમો લખાવી લેનાર તથા લખાવી લેનારના વંશ, વાલી, વારસો ચાંદો સૂરજ તપે ત્યાં સુધી માત્ર જે હેતુસર પ્લાન પાસ થયા હોય તે જ હેતુસરજ તમામ સુખેથી ભોગવો, વેચો, વસો, વસાવો સાટો યા ગીરો કરો યા તમારું દિલ ચાહે તેમ કરવા હક્કદાર છો. અને સદરહું મિલકતમાંથી અષ્ટમા સિધ્ધ નવે નિધ્ધ જે કાંઈ પ્રગટ થાય તે તમામ તમો લખાવી લેનારના નસીબનું છે.

સદરહું મિલકત અંગેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદના મહેરબાન સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં નોંધણી સારૂં રજુ કરીએ છીએ અને તે વેચાણ દસ્તાવેજની નોંધણી થઈ તે તમો લખાવી લેનારને બારોબાર મળે તેવી વ્યવસ્થા કરી છે.

સદરહું મિલકત સરકાર દ્વારા જાહેર કરાયેલ અશાંત વિસ્તારમાં આવેલ નથી. તેથી અમો લખી આપનારાએ સદરહું મિલકતના વેચાણ માટે અશાંત વિસ્તારની મંજૂરી લેવાની જરૂર નથી.

સદરહું મિલકતના વેચાણ દસ્તાવેજને લગતા તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, ટાઈપીંગ ખર્ચ, વકીલ ફી, અન્ય ખર્ચ તમો લખાવી લેનારે ભોગવવાના છે.

<u>પરિશિષ્ટ</u>

<u>પેમેન્ટ શીડયૂલ</u>

રૂપીયા ચેક નંબર. , તા. ,
બેંક બ્રાન્ચ, અમદાવાદના.

રૂપીયા ચેક નંબર. , તા. ,
બેંક બ્રાન્ચ, અમદાવાદના.

રૂપીયા ______________ (અંકે રૂપીયા લાખ પૂરા)

<u>પરિશિષ્ટ</u>

જત રજીસ્ટ્રેશન ડ્રીસ્ટ્રીકટ અમદાવાદના, સબ-ડ્રીસ્ટ્રીકટ અમદાવાદ-૨ (વાડજ), તાલુકા– સાબરમતી, મોજે- ચાંદખેડાની ગામતળની સીમના બ્લોક નં. ૬૯૫ની બિનખેતીની જમીન આશરે ૪૨૯.૭૬ સમચોરસ મીટર યાને ૫૧૪ સમચોરસ વાર જમીનમાં આવેલ **"""રત્નેશ એલીગન્સ""""** માં આવેલ _______ **માળ** (પ્લાન મુજબ **માળ**) નો ફલેટ નંબર.____ જે ભરતમાં આશરે________સમચોરસ મીટર કારપેટ એરીયા યાને _______સમચોરસ મીટર યાને _____ સમચોરસ વાર સુપર બિલ્ટ અપ બાંધકામનો છે જેની ચતુંસીમા નીચે મુજબ છે તથા સદરહું જમીનમાં વગર વહેંચાયેલ સમચોરસ મીટર જમીન.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે શુધ્ધ બુધ્ધિમાં,સભાન અવસ્થામાં, રાજીખુશીથી કોઈના ધાક ધમકી કે દાબદબાણ વગર કરેલ છે. જે અમો લખી આપનારને તથા અમો લખી આપનારના મેમ્બર્સ, શેરહોલ્ડર્સ તથા તેના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ ઈત્યાદિ તમામને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે અને રહેશે.

અત્રે ....મત્તુ અત્રે .... શાખ.

તારીખ : ૧૦૯૨૦૧૭

સ્થળ : અમદાવાદ.

....

રતનેશ ડેવલોપર્સ ભાગીદારી પેઢી

વતી તેના ભાગીદાર

(લખી આપનાર)   ....

<u>મિલકતનું સરનામું</u> :- , *માળ,* **"રત્નેશ એલીગન્સ"**,

મોજે-ચાંદખેડા, અમદાવાદના.

લખી આપનાર :- *લખાવી લેનાર :-*

રતનેશ ડેવલોપર્સ ભાગીદારી પેઢી

વતી તેના ભાગીદાર

મિલકતનું સરનામું :- , માળ, **“રત્નેશ એલીગન્સ”**
મોજે-ચાંદખેડા, અમદાવાદના.

લખી આપનાર :- લખાવી લેનાર :-

રતનેશ ડેવલોપર્સ ભાગીદારી પેઢી
વતી તેના ભાગીદાર

<u>રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ ૩૨ (અ) મુજબનું પરિશિષ્ટ</u>

લખી આપનાર

રતનેશ ડેવલોપર્સ ભાગીદારી પેઢી
વતી તેના ભાગીદાર

લખાવી લેનાર

૧

૨